જામનગરના સોમનાથ મહાદેવ મંદિરમાં મહાઆરતીમાં બહોળી સંખ્યામાં ભક્તોની ઉપસ્થિતિ

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : મહમૂદ ગઝની દ્વારા સોમનાથ પર ૧૦૨૬માં કરવામાં આવેલા પ્રથમ આક્રમણના હજાર વર્ષ પૂર્ણ થયા છે. ગઈકાલે એક હજાર વર્ષ પછી પણ સોમનાથ મંદિર પૂરા ગૌરવ સાથે અડીખમ ઊભું છે. આ સાથે જ ૨૦૨૬માં સોમનાથ મંદિરના પુનર્નિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના છે. ૧૧ મે ૧૯૫૧ના રોજ આ ભવ્ય મંદિરનું પુનર્નિર્માણ સંપન્ન થયું હતું અને ફરી ભક્તો માટે ખુલ્યું હતું. આ સીમાચિહ્નરૂપ ઘટનાને વધુ વિશેષ બનાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦-૧૧ જાન્યુઆરીએ સોમનાથની મુલાકાત લેશે અને 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં હાજરી આપશે.

અખંડ ઓમકાર નાદથી સોમનાથ સ્વાભિમાન પર્વની શરૂઆત તા. ૮ જાન્યુઆરીથી ૭૨ કલાકના અખંડ ઓમકાર નાદ સાથે કરવામાં આવી છે. જેમાં જામનગર જિલ્લાના શિવાલયોમાં ૭૨ કલાક સુધી અખંડ મંત્રોચ્ચાર ઉપરાંત સત્સંગ અને મહાઆરતીઓનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

જામનગરના ઈવાપાર્કમાં આવેલ સોમનાથ મંદિરમાં ગઈકાલે સાંજના સમયે દિવ્ય દીપોત્સવ અને મહા આરતીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે મંદિરને વિશેષ રૂપે ફૂલો, દીવો, રંગબેરંગી લાઈટોથી સુશોભિત કરવામાં આવ્યું હતું, જેના કારણે સમગ્ર મંદિર પરિસર આધ્યાત્મિક તેજથી ઝળહળી ઉઠ્યું હતું. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ મહાઆરતી રહ્યું, જેમાં વૈદિક મંત્રોચ્ચાર, શંખનાદ, અને ભક્તિભાવથી અધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું. આસપાસના વિસ્તારોમાંથી વિશાળ સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. હર હર મહાદેવના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. ઉપરાંત ભક્તો હાથમાં દીવડા લઈને આરતીમાં સહભાગી થયા હતા. જેમાં અગ્રણી બીનાબેન કોઠારી, કોર્પોરેટરઓ, આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, સોમનાથ મંદિર બાર જ્યોર્તિલિંગોમાં પ્રથમ સ્થાન ધરાવે છે અને પુરાણો તથા ભારતીય ઈતિહાસમાં વિશિષ્ટ મહત્વ ધરાવે છે. ઈતિહાસ સાક્ષી છે કે સોમનાથ મંદિર પર આક્રમણો થયા હોવા છતાં મંદિરની આસ્થા અને આધ્યાત્મિક ચેતના અડગ રહી છે. સોમનાથ મહાદેવ મંદિર આજે માત્ર ધાર્મિક સ્થળ નથી રહ્યું, પરંતુ તે ભારતના સ્વાભિમાન, સંસ્કૃતિ અને અડગ આત્મવિશ્વાસનું પ્રતિક બની ગયું છે. હજારો વર્ષના આક્રમણો, વિનાશ અને સંઘર્ષ બાદ પણ પ્રથમ જ્યોર્તિલિંગ તરીકે અડીખમ ઉભેલું સોમનાથ આજે વિશ્વને ભારતની સાંસ્કૃતિક શક્તિનો પરિચય કરાવે છે. આ ગૌરવસભર ઈતિહાસને નવી ઊંચાઈ આપતું 'સોમનાથ સ્વાભિમાન પર્વ' તા. ૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન ભવ્ય રીતે ઉજવાઈ રહ્યું છે.

જામનગરમાં બે પાડોશીઓ વચ્ચે તકરાર થતા પાંચ શખ્સો સામે પોલીસમાં રાવ

પાડોશીને માર મારી બે મોબાઈલ ફોન તોડી નાખી સોનાનો ચેઇન ઝુંટવી લીધો

જામનગર : જામનગરના ગોકુલનગર વિસ્તારમાં ગઈકાલે બે પાડોશીઓ વચ્ચે તકરાર થઈ હતી, જેમાં એક પાડોશીને બાજુમાં જ રહેતા મહિલા સહિતના પાંચ શખ્સોએ માર મારી તેના બે મોબાઈલ ફોન તોડી નાખ્યા હતા, ઉપરાંત ગળામાં પહેરેલો સોનાનો ચેઇન ઝુંટવી લીધો હતો. જે બનાવ અંગે સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ગોકુલ નગર શેરી નાં -૨, ભાગ્યોદય સોસાયટીમાં રહેતા સંજય જીવણભાઈ કોરિયા નામના ૩૫ વર્ષના પ્રજાપતિ યુવાન પર તેના પાડોશમાં જ રહેતી પ્રેમીલાબેન, ભીમભાઈ ઉર્ફે સરપંચ, નવીનભાઈ ગોરી, અને તેની સાથેના બે અજાણ્યા સાગરીતો વગેરેએ એક સંપ કરી પોતાને મારકુટ અને તોડફોડ કર્યા ની ફરિયાદ નોંધાવી છે.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી અને પાડોશી આરોપીઓ વચ્ચે અવારનવાર બોલા ચાલી અને ઝઘડા થતા હતા, જેનું મન દુ:ખ રાખીને ગઈકાલે તમામ આરોપીઓ ઘરમાં ઘૂસી આવ્યા હતા અને ઢીકાપાટુ નો માર મારી તેમના બે મોબાઈલ ફોન તોડી નાખ્યા હતા, તેમજ ગળામાં પહેરેલો સોનાનો ચેઇન બળજબરી થી આંચકી લીધો હતો.

આખરે આ મામલો સિટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને પ્રેમીલાબેન નામની મહિલા સહિત પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે આ બનાવ અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

જામનગરના કાલાવડ નાકા બહારનો જર્જરિત પુલનું મકરસંક્રાંતિ બાદ ડીમોલેશન કાર્ય શરૂ

સોસાયટીઓના લોકોનો આવન-જાવન માટે ડાયવર્ઝન તૈયાર : રૂા.૧૯.૪૮ કરોડના ખર્ચે ૪ માર્ગીય નવો પુલ બનાવાશે

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરના કાલાવડના નાકા બહાર ૪૭ વર્ષ પહેલા બનેલા અને હાલ જોખમી બની ચુકેલા રંગમતી નદી ઉપરનો પુલ તોડીને રૂા.૧૯.૪૮ કરોડના ખર્ચે નવો ચાર માર્ગીય બનાવવાની કામગીરી શરૂ થાય તે પહેલા તંત્રએ રોજના હજારો વાહનોના આવન-જાવનમાં બાધા નિવારવા નદીમાં ભરતી ભરીને પાઈપો નાંખીને ડાયવર્ઝન તૈયાર કર્યું છે. આગામી મકરસંક્રાંતિના તહેવાર બાદ પુલ તોડવાની કામગીરીનો આરંભ થશે.

જામનગર શહેરમાં કાલાવડના નાકા બહાર અમન-ચમન, રંગમતી, તારામામદ, મકવાણા, નેશનલ પાર્ક, ગેલેક્સી, સિલ્વર-ગ્રીન, રબ્બાની પાર્ક, કલ્યાણ ચોક પાછળથી મોરકંડા રોડ વિસ્તારોમાં સંખ્યાબંધ સોસાયટીઓ વસી ગઈ છે. જેમાં હાલ હજારો લોકો રહેવા પણ આવી ગયા છે. તમામને શહેરમાં આવવા-જવા માટે એક માત્ર મહત્વનો રસ્તો એટલે રંગમતી નદી ઉપરનો કાલાવડ નાકા બહારનો પુલ છે. આ જર્જરિત પુલ બાબતે રાજયના પૂર્વ કાનુન મંત્રી એડવોકેટ એમ.કે. બ્લોચ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, જામનગર જીલ્લા કલેકટર કેતન ઠક્કર અને મ્યુ.કમિશ્નર ડી.એન. મોદીને પત્ર લખી રજુઆત કરવામાં આવી હતી.

આ દરમ્યાન મોરબીના જુલતા પુલની અને ગંભીરા પુલની જીવલેણ દુર્ઘટના બનતા વિસ્તારના લોકોની નવા પુલ માટેની માંગણી પ્રબળ બન્યા બાદ આ પુલને તોડીને રૂા.૧૯.૪૮ કરોડના ખર્ચે ચાર માર્ગીય નવો પુલ બનાવામાં આવશે. તેમજ જામનગર મહાનગરપાલિકા દ્વારા ટેન્ડર પ્રક્રિયા કરી લીધા બાદ કોન્ટ્રાક્ટરને વર્ક ઓર્ડર પણ ફાળવી દીધો હોવાથી આગામી ટુંક સમયમાં કામ શરૂ થવા જઈ રહ્યું છે.

આ પુલને તોડતા પહેલા જામનગર મહાનગરપાલિકા દ્વારા રંગમતી નદીમાં કાલાવડ તરફથી આવતાં ડાબી બાજુએ અને શહેરમાંથી આવતાં જમણી બાજુએ ગુજરાતી સિપાઈ જમાત ખાના અને ધનસેરીયા હનુમાન મંદિર પાસેથી રસ્તો કાઢીને ડાયવર્ઝન બનાવ્યું છે. હજી તેના ઉપર કપચી પાથરીને સલામત રોડ બનાવ્યા બાદ સંક્રાંત પછી પુલને તોડવાની કામગીરી શરૂ થશે.

આ અંગે જામનગર મહાનગરપાલિકા એક અધિકારી દ્વારા જણાવે છે કે, આગામી ચોમાસામાં નદી આવે તે પહેલા અમુક સુરક્ષિત હિસ્સો તૈયાર કરીને ટુ-વ્હીલર્સ હાલાકી વગર પસાર થઈ શકે. તેવી નવા પુલ ઉપર વ્યવસ્થા કરી રાખવા તંત્રનું લક્ષ્ય છે. આમ લાંબા સમયે કાલાવડ ના નાકા બહારની સોસાયટીઓના હજારો રહીશોના દૈનિક ટ્રાફીક જામ અને જખમી પુલની સમસ્યાનો અંત આવી શકશે.

દ્વારકાના આરંભડા ગામે હત્યા કેસમાં જુબાની આવવાના પ્રશ્ને યુવાનને ધમકી

દ્વારકા : દ્વારકા તાલુકાના આરંભડા ગામના એક યુવાનને બુલેટ ચલાવી ઘર પાસેથી જતો હોય ત્યારે રસ્તામાં પાડોશી શખ્સે રોકી ગાળો કાઢી મારી નાખવાની ધમકી આપવા સબબ સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાય છે. બન્ને જૂના મિત્રો હોય હત્યાના કેસમાં જુબાની બાબતે આ ડખ્ખો થતા મીઠાપુર પોલીસે સમગ્ર મામલે તપાસના ચકો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા તાલુકાના આરંભડા ગામમાં ગાયત્રીનગર ખાતે રહેતો વેજાભાઈ સાજણભાઈ હાથિયા નામનો ૨૪ વર્ષનો યુવાન તેના ઘરેથી જી. જે. ૧૦ ડી. બી. ૧૨૧૪ નંબરનું બુલેટ ચલાવી ઘર પાસેથી જતો હોય દરમિયાન આજ વિસ્તારમાં રહેતા નક્ષ ઉર્ફે નાગેશભાઈ વેગડા નામના શખ્સે રોકી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જેથી મીઠાપુર પોલીસમાં વેજાભાઈ નામના યુવાને તેના સામે ફરિયાદ નોંધાવી છે.

વધુમાં વર્ષ ૨૦૨૩ મા નક્ષ વેગડાએ હત્યા કરી હોય અને તેના સામે મેઘપર પોલીસમાં આ બનાવની ફરિયાદ નોંધાય હતી જે કેસમા વેજાભાઈએ સાક્ષી તરીકે જુબાની આપેલ અને તેમાં આરોપી નિર્દોષ છૂટી ગયો હતો અને બન્ને પાડોશમાં રહેતા હોઈ અવારનવાર હેરાન પરેશાન કરતો હોય ત્યારે વેજાભાઈને બુલેટ સાથે રોકી " હું તને જીવતો નહીં જવા દઉ, પતાવી નાખીશ" તેમ જણાવી ઝગડો કરતા હે.કો. કે. બી. વારોતરીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ધ્રોલના સોયલ ગામે સાંસદની હાજરીમાં સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે અખંડ શિવધૂન

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ધ્રોલના સોયલ ગામે સોયલેશ્વર મહાદેવ મંદિરે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'નો ભવ્ય પ્રારંભ થયો છે. સાંસદ પૂનમબેન માડમની પ્રેરક ઉપસ્થિતિમાં ૭૨ કલાકના અખંડ ઓમકાર જાપ શરૂ કરાયા છે, જેનાથી સમગ્ર પંથક શિવમય બન્યો છે. અતૂટ આસ્થાના ૧૦૦૦ વર્ષના સંકલ્પ સાથે સોયલેશ્વર મહાદેવ મંદિર ખાતે ૭૨ કલાકના અખંડ ઓમકાર નાદના મહાઅનુષ્ઠાનમાં સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા તથા અન્ય કાર્યકર્તાઓ સાથે જાપમાં જોડાઈને દિવ્ય આધ્યાત્મિક ઊર્જાની અનુભૂતિ કરી હતી.

સ્વામિનારાયણ ભૂમિ ગઢપુરથી ૩૪૦ કિમીની સનાતન ધર્મ પદયાત્રા સોમવારે દ્વારકા પહોંચશે

દ્વારકામાં ભવ્ય શોભાયાત્રા અને ધ્વજારોહણ સહિતના કાર્યક્રમો યોજાશે

દ્વારકા : આશરે એક સપ્તાહ પૂર્વે સ્વામિનારાયણની કર્મભૂમિ ગઢપુરના શ્રી ગોપીનાથજી મંદિર ખાતેથી યાત્રાધામ ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારકા સુધીની ૩૪૦ કિમીની પદયાત્રાનો પ્રારંભ કરાયો હતો.

પૂ.લાલજી મહારાજ પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ, ગોપીનાથજી મહારાજ તથા શ્રી રાધારમણ દેવની આરતી કરી પ્રસ્થાન થયેલ યાત્રાનું ગામેગામ ભાવિકો દ્વારા સ્વાગત કરવામાં આવી રહ્યુ છે. એ.પી. સ્વામી તથા શાસ્ત્રી સ્વામી ઘનશ્યામ વલ્લભદાસજીના માર્ગદર્શનમાં ચાલતી પદયાત્રામાં વડતાલ ધર્મકુળ પરિવારના પૂ.વહુજી મહારાજ, બચુબા, લાલીરાજા, ભાણીબા વગેરે પણ જોડાયા છે.

સનાતન ધર્મ ઉત્કર્ષ પદયાત્રા વ્યસન મુકિત આદિ જીવનના મહત્વનો સંદેશ આપતી ધર્મના મૂલ્યોનું માર્ગદર્શન આપતી ગામેગામ થઈને ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ યાત્રાધામ દ્વારકા પહોંચશે. પદયાત્રા દરમ્યાન દરરોજ અખંડ નામજપ સાથે નિત્ય સત્સંગ પણ પદયાત્રીઓ દ્વારા કરાઈ રહયો છે જેને બહોળી સંખ્યામાં લોકોનો પ્રતિસાદ સાંપડી રહયો છે. તા.૧૨મીએ ૩૪૦ કિમી લાંબી પદયાત્રા દ્વારકા પહોંચી ભવ્ય શોભાયાત્રા સાથે દ્વારકાધીશ જગતમંદિરે નૂતન ધ્વજારોહણ કરવામાં આવનાર છે.

જામનગરમાં પાનની દુકાન પાસે ક્રિકેટ મેચ પર જુગાર રમતાં ૮ ઝડપાયાં

જામનગર : જામનગરમાં પટણીવાડ વિસ્તારમાં એક દુકાનમાં ટીવીમાં ક્રિકેટ મેચ નિહાળી મેચની હારજીતના સોદા કરીને જુગાર રમતા આઠ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા.

જામનગરનાસીટી એ ડીવી પો.સ્ટે.ના પોલીસ ઈન્સપેકટર એન.એ.ચાવડાની સુચનાથી સર્વેલન્સ સ્કોડના માણઓ પેટ્રોલીગમાં હતા. તે દરમ્યાન બાતમી મળી હતી કે પટણીવાડ સદામ રેસ્ટોરેન્ટ પાસે આવેલ કુરેશી પાન નામની દુકાનની બહાર અમુક ઈસમો આફ્રીકામા ચાલતા ડોમેસ્ટીક મેચમાં જોબોર્ગ સુપર કિંગ વિ. પર્લ રોયલ વચ્ચે રમાતા ૨૦/૨૦ મેચનુ ટીવી પર પ્રસારણ થતુ હોય તે નિહાળી એકાબીજા સાથે રન ફેરના સોદા કરી તથા હારજીતના સોદાઓ કરી જુગાર રમી રમાડે છે.

આથી પોલીસે સ્થળ પર જઈ દરોડો પડ્યો હતો. જ્યાં તોહિદ ગુલામહુશેન પઠાણ, યાસીન અબ્બાસભાઈ ચાવડા, બિપીન નરોત્તમદાસ બોસમિયા, અલ્તાફહુશેન ગનીભાઈ ખતાઈ , રફીક ઈશાક તરકબાણ, યુનુશભાઈ બોદુભાઈ ખુરેશી અને હશનભાઈ અબ્બાસભાઈ અગવાનને રંગેહાથ ઝડપી લીધા હતા અને આરોપીઓ પાસેથી રોકડા રૂ. ૧૨૬૦૦ કબજે કર્યા હતા.

જામનગરમાં ગુજરી બજારમાંથી વિપ્ર પ્રૌઢનો મોબાઈલ ફોન ચોરાયો

દરેડ જી.આઈ.ડી.સી. વિસ્તારમાંથી મોટરસાયકલની ઉઠાંતરી

જામનગર : જામનગરમાં નાગમતી ભવન પ્રધાનમંત્રી આવાસમાં રહેતા બ્રિજ ભૂષણ જીતેનભાઈ તિવારી નામના વિપ્ર પ્રૌઢ, કે જે સુભાષ બ્રિજ નીચે ભરાતી ગુજરી બજારમાં ખરીદી કરવા માટે ગયા હતા, જે દરમિયાન તેમના ખિસ્સામાંથી કોઈ તસ્કરો રૂપિયા ૧૬,૫૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન ચોરી કરી લઈ ગયા હોવાની ફરિયાદ સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે.

આ ઉપરાંત દરેડ જીઆઈડીસી વિસ્તારમાં રહેતા દેવજોગભાઈ દેવકરણભાઈ વિજાણી નામના ૨૬ વર્ષના ચારણ યુવાને પોતાના ઘર પાસે પાર્ક કરેલું પોતાનું મોટરસાયકલ કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયા હોવાથી પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

ખંભાળિયામાં રોડ રીસફેસિંગના કામમાં ભ્રષ્ટાચારવ, બિલ રોકવા 'આપ' ની માંગણી

દ્વારકા : ખંભાળિયા નગરપાલિકાના વિકાસ કાર્યોમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ગુણવત્તાહીન કામના આરોપો સાથે, આમ આદમી પાર્ટી ના જિલ્લા પ્રમુખ દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરને એક અરજી સુપરત કરી છે. અરજીમાં મુખ્યત્વે રોડ રીસફેસિંગની ગ્રાન્ટ હેઠળ થતા કામોમાં જનતાના પૈસાના દુરુપયોગની વાત કરવામાં આવી છે.

અરજીમાં જણાવ્યા મુજબ, નગરપાલિકાની હદ વિસ્તારમાં વિવિધ સોસાયટીઓમાં રોડ રીસફેસિંગના કામોમાં કોઈપણ નિયમોનું પાલન કરવામાં આવતું નથી. તારીખ ૦૯/૦૧/૨૦૨૬ના રોજ, જનતા રેડના માધ્યમથી ભગવતી હોલની સામેની સોસાયટીમાં ચાલી રહેલા સીસી રોડના કોંક્રિટ વર્કની ઓચિંતી તપાસમાં ખુલાસો થયો છે કે કામમાં યોગ્ય મટીરીયલ જેમ કે સિમેન્ટ, રેતી અને અન્ય સામગ્રીનો પૂરતો અને કાયદેસર ઉપયોગ કરવામાં આવતો નથી. આ કામમાં ગુણવત્તાને અવગણીને ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો હોવાની પૂરેપૂરી ખાતરી વ્યક્ત કરવામાં આવી છે.

આમ આદમી પાર્ટી દ્વારા માંગ કરી છે કે, કામની પૂરેપૂરી તપાસ તેમની હાજરીમાં કરવામાં આવે. રોડના વિવિધ ટુકડાઓમાં કરેલા કામને બીજી વખત યોગ્ય મટીરીયલ વાપરીને પુનઃકરવામાં આવે. સોસાયટીના રહેવાસીઓ અને વિરોધ પક્ષના પ્રશ્નોનું નિરાકરણ થાય ત્યાં સુધી કોઈપણ એજન્સીને બિલની ચુકવણી ન કરવામાં આવે.

આ અરજીમાં નગરપાલિકાના અધિકારીઓને "૪૨૦ અને કડદો પાર્ટી" તરીકે ઉલ્લેખ કરીને વિકાસના નામે થતા ભ્રષ્ટાચારની તીખી ટીકા કરવામાં આવી છે. અરજીકર્તાઓએ જણાવ્યું છે કે, "જનતાના પૈસાને કાગળના કરીને ભ્રષ્ટાચારમાં વાપરવામાં આવી રહ્યા છે, જે અટકાવવું જરૂરી છે." આ ઘટના નગરપાલિકાના વિકાસ કાર્યોમાં પારદર્શિતા અને જવાબદારીના પ્રશ્નો ઉભા કરે છે. ખંભાળિયા નગરપાલિકા ધણી ધોળી વગરનું હોય આમ આદમી પાર્ટી દ્વારા આગામી સમયમાં નવા બનતા દરેક કામોની ચકાસણી કરવામાં આવશે જરૂર પડે તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે તેવું કહેવામાં આવી રહ્યું છે.

JAMNAGAR MUNICIPAL CORPORATION
JAMNAGAR

Jamnagar Municipal Corporation, Jamnagar invites online re-tender as under.

Sr. No.	Name of Work	EMD (Rs. In Lacs)	Tender Fee (In Rs.)
1	Comprehensive Annual Maintenance Contract of CCTV along with Standalone DVR, NVR and Accessories For the Year 2026-27 to 2028-2029.	0.14	900
2	Annual Maintenance Contract for Computer Hardware 2026-2027 To 2028-2029.	0.255	1500
3	Restructuring of Existing Network & Comprehensive Annual Maintenance Contract for Network, Server Hardware, Operating System, Database, Firewall, Backup Management, Antivirus Management, Networking components & UPS, all passive & active components of LAN, LAN cabling and coordination with provider for all lease lines & internet broadband lines / Wired Less Internet Of Jamnagar Municipal Corporation 2026-27 To 2028-2029.	0.62	2400

For Tender Documents & more tender information please log on to https://jmc.nprocure.com
Tender must be submitted online in electronic format on https://jmc.nprocure.com with digitally sign.

No. : JMC/COMP/11/286/59/2025-26.
Dt. : 09/01/2026

Commissioner
Jamnagar Municipal Corporation

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)